# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www. incgujarat.com E – mail : gpcc1234@gmail.com


તા. ૨૪-૦૧-૨૦૨૨

પ્રતિ,
મા.શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ
મા.મુખ્યંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

વિષય : ખેતી અને ખેડુતોના વિશાળ હિતમા રાજય સરકારના કૃષિ મંત્રાલયને વિનંમ્ર સુચન.

કૃષિને નફાકારક બનાવવા રાજય સરકાર પુરતી માળખાગત સુવિધા ઉભી કરે અને ખેડુતો મુલ્યવર્ધક આધુનિક ખેતી પધ્ધતિ અપનાવે તે દિશામા નીચે મુજબના રાજય સરકારે જરુરી નિર્ણયો કરવા આગળ આવે.

- ખેતીવાડી ખાતામા ગ્રામ સેવક થી લઇને અધિકારી, બીજ નિગમ - બીજ પ્રમાણિત એજન્સી કે કૃષિ યુનિ મા ખેતી મદદનીશથી લઇને સંશોધન વૈજ્ઞાનિકની તમામ ખાલી પડેલ જગ્યા તાત્કાલિક ભરવી અને આ કૃષિ ભરતી માટે એક અલગ બોર્ડની રચના કરવામા આવે.
- ખેતીમા દિવસે લાઇટ આપવી.
- કેનાલ તૂટવાથી થયેલ નુકશાનનો સર્વે કરી દિન 15 માં સહાય ચૂકવવી,
- વીજ પોલ નુકશાનની સહાયનો ધોરણો નકકી કરવા.
- ખેડુતોને પાક સંગ્રહ માટે ગોડાઉનમાં સહાય વધારવી.
- ખોટા કાગળો રજુ કરી સબસીડી લેનાર ખેડુતો કે અધિકારીઓ માટે પણ કડક સજાની જોગવાય નકકી કરવામા આવે
- એગ્રી ઇનપુટસ બીયારણ-ખાતર કે જતુનાશક દવા પર રાજય પોતાનો GST રદ કરે અને તેની નબળી ગુણવતા સાથે વેચાણ કરતા વેપારીઓ માટે કડક ધોરણો દાખલ કરવામા આવે. અને તમામ એગ્રી ઇન્પુટસના એગ્રો કેન્દ્રો પર ફરજીયાત ખેતીના અભ્યાસુ ડિપ્લોમા ખેતીવાડી / BRS Bsc (Agri) એક અનુભવીની હાજરી લાયસન્સ પ્રમાણિત સાથે ફરજીયાત કરવા આવે.જેથી ગુજરાતમા તમામ કૃષિ બેરોજગારો માટે રોજગારીનો મોટો વિકલ્પ બની જશે.

- ખાનગી કૃષિ યુનિ. ની માન્યતા રદ કરો.
- સોલાર સિસ્ટમ ખેડૂતને ૫ % ના રોકાણે બેંક લોન 35 ટકા (૦ % વ્યાજ) અને 60 ટકા સરકાર સહાય આપીને રિન્યુએબલ યોજનાને સરલ બનાવવી.
- તાલુકા સેન્ટર ઉપર મુલ્યવર્ધક સેન્ટર સ્થાપવા.
- ગુજરાતની ખેત પેદાશ વિશ્વના બજારમા પહોચાડવા માટે જરૂરી તમામ વહીવટી પ્રક્રીયા માટે રાજ્ય સરકાર નોડલ એજન્સીની ફરજ બજાવે,
- કલસ્ટર મુજબ બાગાયતી પાકોના કેનિંગ ટ્રેનિંગ સેન્ટર / વેચાણ કેન્દ્રો સ્થાપવા..
- કલ્પસર પ્રોજેક્ટને ગતિ આપવી.
- પશુ પાલન વિભાગ દ્વારા GVK ને મોબાઇલ પશુ દવાખાના સોપવામા આવ્યા છે તે સદંતર નિષ્ફળ છે સરકારે આ દિશામા ફેરવિચારણા કરવી જોઇએ.
- કૃષિ સહાય માટે જે સાધન કે સામગ્રી સરકાર ખાનગી પેઢીઓ પાસેથી ખરીદ કરે છે તેમા એમપેનલ પધ્ધતિ બંધ થાય અને ખેડુતોને ખરાઇ કરી તેમના ખાતામા સીધી સહાય ચુકવાય.
- ખેડુતોને કોઇપણ પ્રકારની સહાય કે ધીરાણની વહીવટી કૈમગીરી સરળ અને પારદર્શક કરવામા આવે.
- કૃષિ આયોગનુ ગઠન થાય તેમા કોટન બોર્ડ, ઓઇલસીડ બોર્ડ અને સ્પાઇસ બોર્ડ જેવા સબ બોર્ડની રચના કરવામા આવે.
- નર્મદા નિગમની પ્રવૃતિ અને જવાબદારી સંપુર્ણ ખેતી વિષયક છે આ વિભાગની જવાબદારી તે વિષયના અભ્યાસુ અને અનુભવી લાયકને સોપવામા આવે અને તેના બોર્ડ સભ્યો પણ કૃષિ અને કૃષિ અર્થવ્યવસ્થાના અનુભવીઓને સ્થાન આપવુ જોઇએ.
- રાજ્ય સરકાર કૃષિ મંત્રીની સાથે રાજયમા કૃષિના પ્રશ્નો નિરાકરણ અને કૃષિ વિકાસ માટે જુદી જુદી રાજકીય પાખના કિસાન સંગઠન, કિસાનોના પ્રતિનિધિ, સહકારી આગેવાનો અને કૃષિ નિષ્ણાંતોની એક સમિતિ બનાવે તેમની સાથે દરવત્રણ મહીને કૃષિ મંત્રીની અધ્યક્ષતામા ચર્ચા કરવામા આજે માત્ર કિસાન સંઘના પ્રતિનિધિ સાથે જ ચર્ચા કરવામા આવે છે.

જો દિશામા રાજય સરકાર ગંભીરતાપુર્વક પધ્ધતિસરના કદમ ઉઠાવે તો જરુર કૃષિને ઘનિષ્ટ અને નફાકારક બનાવી શકાય.

જય કિસાન ...

આભાર સહ..

આપનો

મનહર પટેલ

(મનહર પટેલ)

પ્રવક્તા, જી.પી.સી.સી.